ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 26th August, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..........................................................................., ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્વચ્છ ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભવિત ભૂમિકા ઓ, નદીઓની સફાઈ, ડીજીટલ ઇન્ડિયા, હરિયાળી ઊર્જા વિષય પર યોજાશે જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ ડ્રામા**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા દર વર્ષે પ્રથમ જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં વૈજ્ઞાનીક જાગૃતતા દ્વારા અંધશ્રધ્ધા નિર્મુલન થઈ શકે તેવા હેતુથી નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ દ્વારા **સ્વચ્છ ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભવિત ભૂમિકા ઓ, નદીઓની સફાઈ, ડીજીટલ ઇન્ડિયા, હરિયાળી ઊર્જા** વિષય પર 'નેશનલ સાયન્સ ડ્રામા – ૨૦૧૭'નું આયોજન પ્રથમ જીલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ થનાર છે. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાના સાયન્સ ડ્રામાનું આયોજન કરવામાં આવનાર છે.

આ નેશનલ સાયન્સ ડ્રામામાં ધો. ૮, ૯ અને ૧૦ના શાળા દીઠ આઠ (૮) વિધાર્થીઓ ભાગ લઈ શકશે. નાટક ગુજરાતી, હિન્દી, અથવા અંગ્રેજી ભાષામાં ભજવી શકાશે. દરેક શાળાએ પોતાના નાટકની સ્ક્રીપ્ટ હિન્દી, ગુજરાતી અથવા એંગ્રેજી ભાષામાં લખીને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રને એન્ટ્રી સાથે ફરજીયાત જમાં કરાવવાની રહેશે. નાટકની રજુઆત વધુમાં વધુ ૩૦ મિનીટ સુધીમાં કરવાની રહેશે.. સ્ટેજ ગોઠવણી માટે ફક્ત ૫ મીનીટનો સમય આપવામાં આવશે. નાટક અભિનયને લાગતો પોશાક, ડાન્સ, સંગીત, માઈમ તેમજ મોડેલ્સનો ઉપયોગ કરી શકાશે. નાટક દરમિયાન લખેલા પોસ્ટર, બેનર, દશ્ય શ્રાવ્ય સાધનો,પાષદ ભૂમિકા,વાપરી શકશે.

સાયન્સ ડ્રામામાં ભાગ લેવા ઈચ્છતી શાળાઓએ તા.૦૫-૦૯-૨૦૧૭ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન' પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંકની ગલી, હિલડ્રાઇવ, ભાવનગર ખાતે ઈ–મેલ(krcscbvn@gamil.com), WhatsApp (9979707221) પર પોતાની શાળાની નોંધની કરાવી લેવી. વધુ વિગત માટે **૦૨૭૮ ૨૫૭૦૧૧૧ અથવા ૯૯૭૯૭૦૭૨૨૧** પર સંપર્ક કરવા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન દ્વારા જણાવાયુ છે.

(હર્ષદ જોષી) 26-8-17
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.